ગાંધીનગર સમાચાર



## સલામી સવારની..



**સુપ્રભાતમ્**

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

સત્સંગ, સાંસ્કૃતિક કાર્યક્રમો પ્રચાર ઝાંખી છે,
ઘમંડની ગંદકી પર બેઠી દંભની માખી છે,
ચાખી છે મજા રાજકીય રેલી-સભા-રોડ શો માં
શાંતિ શોધતા જીવ પર 'કલા'ની જાળ નાખી છે!!

હાઈકુ

મૂકાતા નથી!
પંચના અહેવાલો -
મેજ ઉપર...
('ક્લીનચીટ' સિવાયના)

દિલ્હી હાથોમાં,
છે રિમોટ કંટ્રોલ -
હાર્દિક સ્વિચ...
(સાઉન્ડ ઊંચો-નીચો)

MB શાહ પંચ રિપોર્ટ

## ચિંતન

**વિનય રાજપુત્રે ભ્યઃ પંડિતેભ્યઃ સુભાષિતમ્ ।**
**અનૃત દ્યુતકારે ભ્યઃ સ્ત્રી ભ્યઃ શિક્ષેત કૈતવમ્ ॥**

ચાણક્યનીતિ શાસ્ત્રમાં કહે છે કે જ્યાંથી જે કંઈ પણ જાણવા-શીખવા મળે તે શીખી લેવું જોઈએ :

રાજપુત્રો પાસેથી રાજાના નમ્ર અને વિનયના સંસ્કાર શીખવા જોઈએ.

વિદ્વાન-પંડિત પાસેથી વિનમ્ર-વાણી અને પ્રિય વચન બોલતાં શીખવાં જોઈએ.

જુગારી જયારે 'રમી' જેવી પત્તાની રતમ રમતો હોય ત્યારે તૈયાર બાજી આવી હોય છતાં જૂઠો-કકળાટ અને પ્રલાપ કરી સાથીદારોને છેતરવાના પ્રયત્ન કરે છે અચાનક 'ડિકલેર' કરી બધાને મુશ્કેલ પરિસ્થિતિમાં મૂકે છે. જુગારી પાસેથી મિથ્યા પ્રલાપ શીખવા જેવો છે.

સ્ત્રીનો સ્વભાવ-ચારિત્ર્ય-વાણી-વર્તન-છળ-કપટ અગાધ હોય છે. સ્ત્રી પાસેથી છળ-કપટ શીખવા જેવાં હોય છે.

## સુવિચાર

- માં કી જલી હુઈ રોટીયોં પર બહુત શોર મચાયા તુને... કુછ શબ્દ માં કી જલી ઉંગલીયોં પર ભી બોલ દેતા - **બરકત વિરાણી**
- જયારે કૌશલ્ય અને પ્રેમ સાથે કામ કરે છે ત્યારે શ્રેષ્ઠકૃતિની અપેક્ષા રાખી શકાય છે - **રસ્કિન**
- માનવીનું કાર્ય એના ધર્મની માત્ર ચિત્રપોથી જ છે - **જીવનસૂત્ર**
- જો તમને શંકા છે તો માણસને કામ ન સોંપો... અને જો તમે માણસને કામ સોંપો તો પછી શંકા ન રાખો - **કન્ફ્યુશિયસ**
- મોટા ભાગના સલાહ માંગે છે પણ મનમાં અપેક્ષા મંજૂરીની રાખતા હોય છે - **કાર્લ માર્ક્સ**
- આપણી સાચી જરૂરિયાતો કેટલી ઓછી છે અને આપણી કાલ્પનિક જરૂરિયાતો કેટલી વ્યાપક છે - **સંત રોબીન**
- આજનું ઔષધ : રતાંધળાપણાના દર્દીએ રોજ સફેદ કાંદા સુધારવા, તેનાથી આંખમાંથી પાણી નીતરી જાય અને લાંબે ગાળે રતાંધળાપણું મટી જાય છે (સંકલન : દીપક વી. આસરા)

## બોધકથા

માતા-પિતા પોતાનાં સંતાનના શક્તિ-સામર્થ્ય ને જાણ્યા વિના 'ટકા' અને મહત્ત્વાકાંક્ષાના મદાર બાંધતાં હોય છે. ઘણીવાર તો આપણે જાતે પણ આપણી મર્યાદા સમજ્યા વિના ઊંચી અપેક્ષાઓ રાખીએ છીએ. પરંતુ સમય, સત્યનું ભાન કરાવે છે.

શિયાળ સવારે ઉઠ્યું. વહેલી સવારનો ખૂબ લાંબો પડછાયો જોઈ પોતાને 'વિરાટકાય' સમજી 'હાથી'ના શિકારની શોધમાં નિકળ્યું. એમાં નાના નાના શિકારને જવા દીધા. હાથી સામે આવ્યો. ઘૂરકાટ કર્યો. હાથીએ સૂંઢથી ઉપાડી દૂર ફેંકી દીધો.

બરાબર મધ્યાહને કળ વળી. પડછાયો સાવ નાનો થઈ ગયો હતો. ભૂખ ખૂબ લાગી હતી કોઈ નાનું જીવજંતુ મળી જાય એની શોધમાં રવાના થયું...

શિયાળને એક પછળાટમાં જ પોતાનાં શક્તિ-સામર્થ્યનો પરિચય મળી ગયો. આપણી મહત્ત્વાકાંક્ષાના પડછાયા આપણને ક્યારે સમજાશે?!

# સમરથ કો નહીં, દોષ ગુસાંઈ!

સરકારી બેંકોમાં જે નાણાં હોય છે એની સુરક્ષાની જવાબદારી પણ સરકારની જ ગણાય. એ નાણાં ગરીબોના કલ્યાણ માટે અને દેશોના વિકાસ પાછળ ખર્ચાય એ તો સમજી શકાય, પરંતુ જ્યારે વિજય માલ્યા જેવા ઐયાશ ઉદ્યોગપતિને બેંકો છુટ્ટા હાથે અબજો રૂપિયા ધીરી બેસે તો કેવી ટ્રેજડી સરજાય, તે આપણી નજર સામે છે. ૭૮૦૦ કરોડની લોન લેનાર વિજય માલ્યા દેશના સૌથી મોટા દેવાળિયા તરીકે વગોવાઈ ગયેલા છે. પ્રવર્તન નિર્દેશાલયે એમની વિરુદ્ધ મની લોન્ડરિંગનો કેસ કર્યો છે. તેઓએ બેંકોની લોન ચૂકવવાનો નનૈયો ભણી દીધો ત્યારે જે એમનો પાસપોર્ટ જપ્ત કરી દેવાની જરુર હતી, પરંતુ સરકાર બધું જાણતી હોવા છતાં એવાં પગલાં કેમ ન ભરી શકી તેનો જવાબ શોધવો અઘરો છે. બેંકોએ તો આ મુદ્દે ફરિયાદ પણ કરી હતી. છતાં માલ્યા આરામથી વિદેશ ચાલ્યા ગયા અને બેંકો આંખો ચોળતી રહી ગઈ. જો કે બેંકો પણ એક ઐયાશી દેવાળિયા પર અત્યાર લગી આટલી ઓળઘોળ કેમ રહી, તે પણ રહસ્ય જ છે. માલ્યા મૂળે દારૂના વેપારી છે. એમને દારૂનો વ્યવસાય - કહો કે ધીકતો ધંધો પૈતૃક વારસામાં મળ્યો હતો. એ ધંધો કરતાં કરતાં માલ્યા ઐયાશીની દુનિયામાં રાજામહારાજા જેવી વિલાસી જીવનશૈલી ભણી સરી ગયા. નાણાંના જોરે સતત રાજયસભાના સાંસદ જીવનશૈલી ભણી સરકી ગયા, નાણાંનાં જોરે સતત રાજયસભાના સાંસદ તરીકે પણ ચૂંટાતા રહ્યા તો બીજી તરફ કૉલ ગર્લ્સ અને મોડેલ્સને નિર્વસ્ત્ર કરી એમના દંતકથારૂપ બની રહેલ કેલેન્ડરો સજાવતા રહ્યા. કિંગ ફિશર એર લાઈન્સ શરૂ કરી ત્યારે એમ જ મનાતું હતું કે તે વિશ્વકક્ષાની એરલાઈન્સની સ્પર્ધા કરી શકાશે. એમાં પણ માલ્યાએ પાણીની માફક નાણાંની રેલછેલ કરી હતી. એર ડેક્કન નામે ચાલતી સ્વામીનાથનની સસ્તી એરલાઈન્સ ખરીદી લઈને માલ્યાએ એક વધુ છોગું ઉમેર્યું હતું. પરંતુ ઐયાશીમાં ડૂબેલા રહેતા આ 'કિંગ ઑફ ગુડ ટાઈમ્સ'ને એમની એરલાઈન્સ બીજી એરલાઈન્સની હરિફાઈમાં ઊતરીને રોજેરોજ કરોડોનું નુકશાન કરતી હતી, એનો તો અંદાજ જ ન આવ્યો. એમણે તો ઉલટાની મોંઘામાં મોંઘી ક્રિકેટ ટીમ ખરીદીને વટ પાડવાનું જ પસંદ કર્યું. બેંકોએ સામે ચાલીને એમણે માંગ્યા એટલા નાણાં ધીર્યાં, પરંતુ આખરે એક દિવસ 'કિંગ ફિશર' ને આકાશમાં ઊતરી જમીન પર ખોડાઈ જવું પડ્યું. માલ્યા એમના એર સ્ટાફને પગાર ચૂકવવાને બદલે મોડેલ્સનાં અર્ધનગ્ન કેલેન્ડર જ બનાવતા રહ્યા! ત્યાં સુધી કે એમના પાઈલટોથી માંડી એર હોસ્ટેલો સુધીના કર્મચારીઓ હડતાળ પર ઊતર્યા પણ માલ્યાનું રૂવાડું ન ફરક્યું. માલ્યા પાસે અમેરિકા, યુરોપ અને આપણા દેશમાં મોંઘીદાટ પ્રોપર્ટી છે, આલીશાન મકાનો છે હવે જયારે માલ્યા દેશ છોડી ભાગી ગયા હોવાથી અફવા ઊડી છે ત્યારે બેંકોએ દેશમાં આવેલી એમની મિલકતો ટાંચમાં લઈ સંતોષ માની લેવો પડશે. એમનાં બેંક ખાતાંમાં પડેલી ૫૦૦ કરોડ જેવી માતબર રકમ તેઓ ઉપાડી ન શકે, એ માટે સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા સહિતની રાષ્ટ્રીય કૃત બેંકોએ અદાતનાં દ્વાર ખખડાવ્યાં છે. જો કેકયાં ૭૮૦૦ કરોડનું માલ્યાનું દેવું અને કયાં ૫૦૦ કરોડની અસ્કામત! આપણા દેશના સામાન્ય માનવીને ઘરનું ઘર બનાવવા બેંકો લોન આપતાં આનાકાની કરતી હોય છે અને લલિત મોદી તથા વિજય માલ્યા જેવા નફ્ફટ માણસો માટે લાલ જાજમ પાથરતી રહે છે. આ માટે જે કોઈ જવાબદાર બેંક અધિકારી હોય એમની વિરુદ્ધ પણ પગલાં લઈ દાખલો બેસાડવાની જરુર છે. ભારત જેવી લોકશાહીમાં આવા 'માતેલા સાંઢ' દેશની પરસેવાની કમાણી ચરી જતા રહેશે તો દેશ કેવી રીતે પ્રગતિ કરશે, એની તો ફક્ત ઈશ્વરને જ જાણ હશે!

**તંત્રીસ્થાનેથી...**

# કમળાનો કાળો કેર



**તન દુરસ્તી**

મહેન્દ્ર ગજ્જર
ડૉ. દિનેશ રાઠોડ

સાધના... ઓ ... સાધના સાલી બહેરી... સાંભળતી જ નથી. કહું છું સાધના ચલ બધા અમે સાંજનું જમવાનું પતાવી દીધુ. કામ વાળી આવીને વાસણ કરશે અને સફાઈ કરશે. મારી પાસે અત્યારે અડધો કલાક છે. ચલ આવ સત્સંગ કરીએ. સાધના બોલી અલી આવું છું સવિતા. તારી જોડે બહુ સારુ લાગે છે સવિતા કે તું કોઈનું ખરાબ બોલતી નથી. કોના ઘરે કોણ આવ્યુ ને ગયુ, કોની સગાઈ તૂટીને કોના લગ્ન થશે, કોણ ભાગી ગયુ એવુ કઈ તારી જોડે સાંભળવા નથી મળતું. સારી સમજવા જેવી વાતો, શું વાંચવું એનુ જ્ઞાન અને જીવનમા પોઝીટીવ એટીટ્યુડ અને પોઝીટીવ થીંકીંગથી કેવી રીતે જીવવું એ તો તારી પાસેથી શીખવા જેવું છે. આ બધું તો ઠીક છે સાધના... હવે સાંભળ ગઈકાલે કારણનગર થી ફોન આવ્યો હતો કે કમળાબેનને કમળો થયો હતો પણ ૨ દિવસ મા કમળો કોઈ ભુવા પાસે ઉતારી ને મટાડી દીધો. બોલ સાધના હવે કઈ ખબર પડતી નથી કે આ ડોકટરો સાચા કે ભુવો. આ લેબોરેટરીવાળા કેટલા ઊંડાણ મા તપાસ કરે છે અને કયા પ્રકાર નો વાઈરસ જવાબદાર છે એ પણ શોધી કાઢે છે. તો આ ભુવાજી માળા પહેરાવે કાતો નાક મા કઈક પ્રવાહી નાખીને કમળો કાઢી નાખે છે. જે હશે એ પણ ડોકટરોની વાત સાચી લાગે અને એમાં સચોટ નિદાન થાય અને ૧૦૦ માથી ૯૯.૯૯% માણસ બચી જાય છે. ભુવાજી ખાતરી આપી શકે? રામ જાણે... એટલે સવિતા તુ મને એમ કહે છે કે કમળો થયો હોય ત્યારે ભુવાજી પાસે ન જવું?... સાધના એ મારે બોલવાની જરૂર નથી. એક અંધારામા ગોળીબાર છે અને બીજો ડામરના રસ્તા પર સૂર્ય ના પ્રકાશમા કેટલા કિલોમીટર જવું છે એ નક્કી છે. હવે નક્કી આપણે કરવાનું.

સાધના પહેલા મે તને વાત કરી હતી ને કે કમળા ના વાઈરસ હિપેટાઈટિસ એ, હિપેટાઈટિસ બી, હિપેટાઈટિસ સી, હિપેટાઈટિસ ઈ થી કમળો થાય છે. એને જુદા કઈ રીતે પાડવા? આમતો એ લેબોરેટરીનુ કામ છે. સવિતા એ કઈ રીતે? સમજાવ ને.. જો સાધના સાંભળ, પહેલા લેબોરેટરી મા લોહી આપ્યું. જેમા સીરમ બીલીરૂબીન (S. Bilirubin) અને એસ.જી.પી.ટી.(s.g.p.t.) ના ટેસ્ટ ડોકટરે કરાવ્યા. બીલીરૂબીન અને એસ.જી.પી.ટી. બંને વધારે આવ્યા એટલે સવાલ થાય કે હવે આ કમળામા કયા વાઈરસ જવાબદાર હશે? ખાસ કરીને ડોકટરોને અને દદી ને હિપેટાઈટિસ બી નથી ને એટલે કે ઝેરી કમળો નથી ને એ જાણવા મા રસ હોય છે. લોહીમાંથી હિપેટાઈટિસ બી કમળા નો ટેસ્ટ કરવા માટે બે પ્રકાર ની રીત હોય છે. એક પેપર ક્રોમેટોગ્રાફી મેથડ જેને કાર્ડ ટેસ્ટ કહે છે. અને બીજી છે સાચી અને સચોટ elisa મેથડ. પેપર ક્રોમેટોગ્રાફી થી ૮૦% લેબોરેટરીવાળા ટેસ્ટ કરે છે. જેમાં લોહીમાંથી છુટું પાડેલા સીરમમાંથી ટેસ્ટ થાય છે. માત્ર ૫૦ માઈક્રો લીટર સીરમનો કાર્ડ પર ટેસ્ટ કરવાથી રીઝલ્ટ મળે છે જેમા સાથે કંટ્રોલ બેન્ડ પણ આવે છે. જેથી પોઝીટીવ કંટ્રોલ પોસિટીવ છે કે નહી તે ખબર પડે. અને રીપોર્ટ ની એક્યુરસી જળવાય. બીજી મેથડ છે elisa(enzyme linked immuno sorbant assay). જે મહ્દઅંશે રીલાએબલ મેથડ છે. ફોલ્સ પોઝીટીવ અથવા તો ફોલ્સ નેગેટીવ રીપોર્ટ પણ આવી શકે છે. એટલે કે સાધના પેપર ક્રોમેટોગ્રાફી મેથડમા કઈજ કરવાનુ હોતું નથી. તારા મારા જેવા પણ ટેસ્ટ કરી શકે છે. જેમ આપણે દવાની દુકાન માથી કાર્ડ લાવીને તારો પ્રેગનન્સી ટેસ્ટ કર્યો હતો ને...એમ આમાં પણ કાર્ડ ટેસ્ટ હોય છે. જેમાં માત્ર પોઝીટીવ કે નેગેટીવ એમ ખબર પડે. જયારે elisa પ્રોસીઝર ખૂબજ જટિલ છે જેમાં ૨:૩૦ - ૩:૦૦ કલાક લાગે છે. આ ટેસ્ટ કરવા માટે કોલીફાઈડ વેલ ટ્રેઈન સ્ટાફ હોવો જોઈએ અને રીઝલ્ટ લેવા માટે elisa રીડર (મશીન) હોવું જોઈએ. તોજ ટેસ્ટ થાય.એટલે જયારે ટેસ્ટ કરવા જઈએ ત્યારે જોવુ અને જાણવું જરૂરી છે કે કઈ મેથડ થી ટેસ્ટ થયો છે ? એ પૂછવાનો અપનો હક્ક છે. elisa મા રીઝલ્ટ આકંડા મા આવે છે જેના આધારે પોઝીટીવ કે નેગેટીવ લખાય છે. જયારે પેપર ક્રોમેટોગ્રાફીમા માત્ર કલર નો બેંડ જોઈને પોઝીટીવ કે નેગેટીવ અપાય છે. વળી, elisa મા એન્ટીજન અને એન્ટીબોડી નુ રીએક્શ મઈક્રોવેલ માં યોગ્ય સમય અને તાપમાન માં ઈન્કુબેશન થતું હોવાથી સચોટ રીઝલ્ટ મળે છે. માટે હમેશા રાહ જોવી સારી. રીપોર્ટ આવવામા સમય લાગે પણ સચોટ રીપોર્ટ લેવો.

તો સવિતા બીજા ઘણા ટેસ્ટ મા આવુ બનતું હશે ને? હાસ્તો... ઘણા બધા સિરોલોઝીકલ

અનુસંધાન પાના નં. ૭ પર

# ગેસોલીન શબ્દ કયા બળતણ માટે વપરાય છે?



**ખજાનો**

અનિલ પટેલ

## વિજ્ઞાનજગત

(૧) નીચેનામાંથી કોનું વૈજ્ઞાનિક નામ હોમો સેપિયન્સ છે?
(અ) માનવ (બ) ચિમ્પાઝી
(ક) ગોરીલા (ડ) ડાયનોસોર

(૨) નીચેનામાંથી કયો રોગ સંસર્ગજન્ય છે?
(અ) ઈન્ફ્લુએન્ઝા (બ) એઈડ્સ
(ક) કેન્સર (ડ) ડાયાબિટીસ

(૩) કવાશિયોકોર રોગથી બાળકના શરીર પર કઈ અસર થાય છે?
(અ) આંખો ઊંડી જવી (બ) વાળ ઉતરી જવા
(ક) મોં ઉપર સોજા રહે (ડ) બાળકનું પેટ ફૂલી જાય

(૪) હરિયાણા અને પંજાબની ભેંસની કઈ ઓલાદ જાણીતી છે?
(અ) મુરાહ (બ) ઝાફરાબાદી
(ક) બન્ની (ડ) ત્રણેમાંથી એક પણ નહીં

(૫) ગેસોલીન શબ્દ કયા બળતણ માટે વપરાય છે?
(અ) કોલસો (બ) અણુ બળતળ
(ક) પ્રાકૃતિક ગેસ (ડ) પેટ્રોલ

(૬) આસ્ફાલ્ટનું બીજું નામ શું છે?
(અ) ખડક (બ) હીરો
(ક) બોકસાઈડ (ડ) ડામર

(૭) પુરુષોમાં કરાતી નસબંધીની શસ્ત્રક્રિયા કયા નામે ઓળખાય છે?
(અ) ટ્યુબેકટોમી (બ) બાયપાસ
(ક) વાસેકટોમી (ડ) ન્યુરોસર્જરી

(૮) માત્ર 'શૈક્ષણિક હેતુ' માટે અવકાશમાં પ્રક્ષેપિત કરવામાં આવેલ ઉપગ્રહને શું કહે છે?
(અ) હેમસેટ (બ) ઈન્સેટ
(ક) જીઓ સેટ (ડ) એજ્યુસેટ

(૯) સિમેન્ટનો શીધ કયા વૈજ્ઞાનિકે કરી હતી?
(અ) જોસેફ એસ્પડીન (બ) ક્વૉન્ડીશ
(ક) રૂથરફોર્ડ (ડ) સ્ટીપન્સન

(૧૦) સ્ટેઈનલેસ સ્ટીલની બનાવટમાં નીચેનામાંથી કઈ ધાતુનો ઉપયોગ થતો નથી?
(અ) લોખંડ (બ) નિકલ
(ક) એલ્યુમિનિયમ (ડ) ક્રોમિયમ

(૧૧) પ્લાસ્ટર ઑફ પેરિસ શામાંથી બને છે?
(અ) ચૂનામાંથી (બ) જિપ્સમ્ (ચારોડી)
(ક) બોકસાઈટમાંથી (ડ) સ્લેટ પત્થરમાંથી

(૧૨) ટીસ્યુ કલ્ચર સાથે કયા વૈજ્ઞાનિકનું નામ જોડાયેલ છે?
(અ) ડૉ. કે.સી. મહેતા (બ) ડૉ. પી.સી. પટેલ
(ક) ડૉ. એ.સી. માહેશ્વરી (ડ) ડૉ. સતિષ ધવન

(૧૩) કયા વૈજ્ઞાનિકને માઈક્રોબાયોલોજીના પિતા તરીકે ઓળખવામાં આવે છે?
(અ) લૂઈ પાશ્વર (બ) રોબર્ટ હૂક
(ક) એડવર્ડ જેનર (ડ) રોબર્ટ કોચ

(૧૪) હરપીસ રોગમાં શરીરનું કયું અંગ પ્રભાવિત થાય છે?
(અ) ફેફસાં (બ) માથાના વાળ
(ક) ચામડી (ડ) કીડની

(૧૫) કયા રશિયન વૈજ્ઞાનિકે વિષાણુ (વાઈરસ) ની શોધ કરી હતી?
(અ) વિલ્હેમ શેરજન (બ) ઈવાનોવેસ્કી
(ક) વિલિટેન (ડ) વોર્નબેયર

## વિવિધા

**વિષય : ગુજરાતની મહિલા સાહિત્યકારો**

| | |
|---|---|
| હંસાબેન મહેતા | બાલ સાહિત્ય |
| વિનોદીની નિલકંઠ | નવલિકાકાર |
| હીરાબેન પાઠક | વિવેચક |
| લીલાવતી મુનશી | નવલિકાકાર |
| પદ્મા ફડિયા | નવલિકાકાર |
| ધીરુબેન પટેલ | નવલકથાકાર |
| સુકન્યા ઝવેરી | નવલિકાકાર |
| સરલા જગમોહન | નવલિકાકાર |
| વર્ષા અડાલજા | નવલિકાકાર |
| લાભુબેન મહેતા | નવલિકાકાર |
| કુંદનિકા કાપડીયા | નવલિકાકાર |
| સુરુપ ધ્રુવ | કવયત્રિ |
| ઈલા આરબ મહેતા | નવલકથાકાર |
| જયાબેન શાહ | નવલિકાકાર |
| વિજયાબેન શુક્લ | નવલિકાકાર |
| લીલા મંગળદાસ | નિબંધકાર |
| સરોજ પાઠક | વાર્તાકાર |
| તારીણીબેન દેસાઈ | નવલિકાકાર |
| જયોત્સનાબેન શાહ | નવલિકાકાર |
| રંભાબેન ગાંધી | નવલકથાકાર |
| ગીતા કાપડીયા | નવલિકાકાર |
| તારાબેન મોડક | બાળ લેખિકા |
| ઉષા ચતુર્વેદી | નિબંધકાર |
| નીલા શાહ | નવલકથાકાર |
| મૃણાલીની શાહ | પ્રવાસ-ડાયરી |
| વત્સલા મહેતા | બાલ સાહિત્ય |
| શ્રુતિબેન શાહ | સમાજ વિષયક |
| ચૈતન્ય બહે દિવેટીયા | ચિંતનાત્મક |
| લીલાબેન પટેલ | ચિંતનાત્મક |
| પ્રજ્ઞાબેન પટેલ | નવલિકાકાર |

### ગત સપ્તાહના સવાલનો જવાબ

**સવાલ : ઈશરત જહા કેસ મામલે કયા પૂર્વ કેન્દ્રીમંત્રી પર સીબીઆઈના દુરુપયોગનો આક્ષેપ થયો છે? જવાબ : પી. ચિંદમ્બરમ્**

### સાચા ઉત્તર આપનાર પત્રમિત્રો

(૧) ઋજિત રાવલ : સે-૭ડી, ૧૨૨૨/૨ (૨) નટુભાઈ દરજી : પેથાપુર (૩) મહેશ એમ. જાદવ (૪) મૂળજીભાઈ પરમાર 'દધિ' : સે-૭બી (૫) જયેન્દ્ર પ્રસાદ પાઠક : સે-૬બી, ૬૨૦/૧, (૬) ધીરુભાઈ એન. વાઘેલા : કોબા (૭) ધોળેશ્વર પાસે, (૩, ગાયત્રી રેસી.) (૮) આકાશ જી. પટેલ : સે-૨૩

### આ સપ્તાહનો સવાલ (જવાબ એક સપ્તાહમાં મોકલો)

**પશ્ચિમ બંગાળની વિધાનસભાની ચૂંટણીમાં બીજેપી મમતા બેનર્જી સામે કોને ઉભા રાખવાની તૈયારીમાં છે?**

**'ગાંધીનગર સમાચાર'-ખજાનો વિભાગ,**
**બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮ ગાંધીનગર**

### સાચા જવાબો

(૧) અ (૨) બ (૩) ડ (૪) અ (૫) ડ (૬) ડ (૭) ક (૮) ડ (૯) અ (૧૦) અ (૧૧) બ (૧૨) ક (૧૩) અ (૧૪) ક (૧૫) બ

# ॥ તત્ર રમ્યા શકુન્તલા ॥

સંસ્કૃતમાં આ કહેવત પ્રસિદ્ધ છે : (૧) કાવ્યેસુ નાટકં રમ્યમ્ - સાહિત્યનાં બધાં સ્વરુપમાં સૌથી સારું છે. (૨) તત્ર રમ્યા શકુન્તલા - સંબંધો નાટકોમાં શાંકુન્તલ સૌથી સારું છે. (૩) તત્રાપિચ ચર્તુર્થૌંક : શાકુન્તલમાં કુલ સાત અંક છે. તેમાં ચોથો અંક સૌથી સારો છે (૪) તત્ર શ્લોક ચતુષ્ટયમ્ - ચોથા અંકમાં બાવીશ શ્લોક છે, તેમાં ચાર સૌથી સારા છે - સુંદર છે.





ઈ.સ. ૧૭૯૧ માં જર્મન કવિ ગોએથે કાલિદાસના અભિજ્ઞાન શાકુન્તલથી અભિભૂત થયા અને કાવ્યમાં લખ્યું 'સ્વર્ગ અને પૃથ્વીનું સૌંદર્ય જયાં એક સ્થળે ગૂંથાયું હોય; એ હે શાકુન્તલ, તારામાં છે.'

ચોથા અંકમાં કન્યા વિદાયનો પ્રસંગ છે. આશ્રમના કુલપતિ કાશ્યપ કણ્વ, શકુન્તલાને સાસરે જવા વિદાય આપી રહ્યા છે. કવિવર ટાગોર આ અંક માટે લખ્યું - 'ઉપવન અને મનુષ્યનો વિયોગ આટલો મર્મભેદી કરૂણ બની શકે છે તે જગતના સમગ્ર સાહિત્યમાં આ ચોથા અંકમાં જ જણાઈ આવે છે.'

સૌથી સારા અને સરસ ચાર શ્લોક આ પ્રમાણે હોઈ શકે છે.



**અમર વારસો**

ડૉ. રશ્મિકાન્ત મહેતા

(૧) કણ્વ ઋષિ કહે છે 'આજે શકુન્તલા જશે' એ વિચારે મારું હૃદય વ્યાકુળતાથી ભરાયેલું છે. આંસુને રોકવાને કારણે મારો કંઠ રૂંધાય છે. ચિંતાને કારણે મારી દૃષ્ટિ જડ થઈ ગઈ છે. પુત્રીસ્નેહને કારણે મારી જેવા વનવાસીની પણ આવી વ્યાકુળ દશા હોય તો, પુત્રી વિયોગના તાજાં દુઃખને કારણે ગૃહસ્થીઓને કેવી પીડા થતી હશે?' (૬)

ઈ.સ. ૧૯૫૫માં મૂર્ધન્ય કવિ ઉમાશંકર જોશીનો, આ નાટકનો સમશ્લોકી અનુવાદ પ્રકાશિત થયો છે. અહીં એમનો અનુવાદ છે :

'જાશે આજ શકુન્તલા!' હૃદયને લાગ્યે અજંપો જ શો!
રોક્યાં અશ્રુથી સાદ ગદ્ગદ થતો, ચિંતાથી ઝાંખં સૂઝે.
આવી જો વનવાસીની વિકલતા સ્નેહેથી મારી, અહો!
તો સંસારી પીડાય શા પ્રથમ હા પુત્રી વિયોગે દુઃખે?

(૨) આશ્રમના નજીકમાં રહેલા વૃક્ષોને કાશ્યપ ઋષિ વિનંતી કરે છે, 'તમે જયાં સુધી પાણી ન પીધું હોય ત્યાં સુધી એ તમારી પહેલાં, પાણી પીવાનો પ્રયાસ પણ કરતી નથી, એને શણગાર પ્રિય છે, પરંતુ તમારા તરફના સ્નેહને કારણે એ કૂંપળ પણ ચૂંટતી નથી. તમને જેવા રે પહેલીવાર પૂલ આવે ત્યારે એ ઉત્સવ મનાવે છે. આવી આ શકુન્તલા સાસરે જાય છે, તમે સૌ રજા આપો.' (૯)

પ્હેલી જે જળના પીએ, નવ તમે પીધેલું હો ત્યાં સુધી,
વ્હાલાં આભરણો, ન તોય ચૂંટતી સ્નેહ કરી પલ્લવો.
બેસે પ્હેલી જ વાર ફૂલ તમને ને જે ગણે ઉત્સવ,
તે આ જાય શકુન્તલા પતિગૃહે, આપો અનુજ્ઞા સહુ!

(૩) શકુન્તલાની સખી પ્રિયંવદા તપોવનના શોકને પ્રગટ કરે છે.

હરણો મોઢામાં લીધેલા દર્ભનો કોળિયો કાઢી નાખે છે. મયૂરો નૃત્ય છોડી દે છે. લતાઓ આંસુ સારતી હોય તેમ પીળાં પાંદડાં ખેરવે છે. (૧૨)

મુખથી દર્ભકવલ મૃગ ફેંકી દે, મોર નાચવું છાડે,
ખેરવી પીળાં પર્ણો સારે શું અશ્રુ વેલીઓ!

(૪) કાશ્યપ શકુન્તલાને સલાહ આપે છે. તું વડીલોની સેવા કરજે. તારી સપત્નીઓને પ્રિય સખીની જેમ રાખ. જો પતિ રોષને કારણે અપમાન કરે, ત્યારે સામે થઈશ નહીં, સેવકો તરફ ખૂબ માયાળુ રહેજે. ભાગ્ય સારું હોય તો છકી ન જતી, આ રીતે જ યુવતીઓ 'ગૃહિણી'નું પદ પામે છે. આમ ન વર્તે, તે કુટુંબમાં આફતરુપ બને છે. (૧૮)

સેવી રહે વડીલો, થજે સખી સર્વે સપત્ની તણી,
ભર્તાથી અપમાન પામી પણ ના સામી થજે રોષથી;
હો માયાળુ જ સેવકોથી, ન જતી ભાગ્યે છકી. - એમ સૌ
પહોંચે છે ગૃહિણીપદે યુવતીઓ; બીજી પ્રજાળે કુળ.

સૂક્તિકારે માત્ર આટલું કહ્યું કે ચાર શ્લોક સરસ છે. કોને ચાર કહેવા, એ વાચક ઉપર છોડ્યું છે. એમ લાગે છે કે આ ચાર શ્લોક સરસ અને સુંદર છે.